महिम्नस्तोत्रम्

ગુજરાતી ભાષા ટીકા સમેત.

महिम्नः पारंते परम विदुषो यद्य सदृशी
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयिगिरः ।
अथावाच्यः सर्वः स्वमति परिणामावधि गृण
न्ममाप्येष स्तोत्रे हर निरपवादः परिकरः ॥ १ ॥

અર્થ—હે સર્વ ક્લેશ વિનાશક શંકર ? મારા જેવા એક અજ્ઞાન માણસથી, આપના સર્વોત્તમ, મહાત્મ્યનો, યથાર્થ ગુણાનુવાદ, થઈ ન શકે એ. સ્વાભાવિક છે, કારણ કે આપના અગાધ મહિમાનો પાર બ્રહ્માદી દેવોની વાણી પણ પામી શકી નથી, તો હું આ બાબતમાં કોણ માત્ર છું ! તથાપિ, સામાન્ય એવો નિયમ છે કે સઘળા લોકો પોતપોતાની બુદ્ધિના સામર્થ્યાનુસારજ, આપનુ સ્તવન, કરી શકે છે. અને તેથી એ બાબતમાં તેઓનો કશો દોષ ગણાતો નથી, એમ ધારી, મેં પણ આ સ્તોત્રમાં આરંભેલા સ્તવનને નિર્દોષ માનેલું છે. ૧

अतीतः पन्थानं तव च महिमा वाङ्मनसयो
रतव्द्यावृत्त्या यं चकितमपिधत्ते श्रुतिरपि ।
सकस्य स्तोतव्यः कतिविधिगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥ २ ॥

અર્થ—હે પ્રભો ? આપનો મહિમા, વાણી અને મનથી જાણી શકાય તેમ નથી, અર્થાત્ વાણી અને મનથી અગોચર છે. વળી જે

મહિમાને શ્રુતિઓ પણ ખુલાસા પૂર્વક નિઃશંક રીતે જણાવી શકતી નથી. તો પછી આપના એવા અપરંપાર મહિમાને અન્ય કોણ જાણી શકે તેમ છે ? અર્થાત્ કોઈ જાણી શકે તેમ નથી. શિવાય આપના જુદા જુદા અને અસંખ્ય ગુણો, પણ, એટલા છે કે જેને કોઈપણ જાણી શકતું નથી આપ, કે જે, નિરાકાર પણે, ઈંદ્રીયથી અગોચર છો તથાપિ જગત્‌નો ઉત્પત્તિ સ્થિતિ અને લયના કારણ રૂપ આપના સાકાર સ્વરૂપમાં કોનું મન અને વાણી તલ્લીન થતાં નથી; અર્થાત્ સર્વનાં થાય છે. ૨

मधुस्फीता वाचः परमममृतं निर्मितवत
स्तव ब्रह्मन् किं वागपि सुरगुरोर्विस्मयपदम् ।
मम त्वेतां वाणीं गुणकथनपुण्येन भवतः
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथनबुद्धिर्व्यवसिता ॥ ३ ॥

અર્થ—હે વિભો ! નમધ સરખી મીઠી અને અમૃત સરખી ઉત્તમ કોમળ વાણીના સૃજનાર, આપ પોતેજ, હોવાથી સુરગુરૂ બ્રહ્મા પણ પોતાની વાણી વડે આપને આશ્ચર્યચકિત કરી શકે તેમ નથી, તો પછી મારા જેવાની વાણી આપને આશ્ચર્યચકિત કરવાને માટે ન હોય તે દેખીતુંજ છે. તથાપિ હે ત્રિપુરાન્તક ! આપની ખાત્રી માટે, જણાવું છું કે: મારી વાણીનો હેતુ આપને આશ્ચર્ય ચકિત કરી નાખવાનો નથી. પરંતુ આપના ગુણાનુવાદ ગાવાથી થયેલાં પુણ્યને પરીણામે મારી વાણીને પવિત્ર કરવાનોજ છે. અને એટલા માટેજ આ બાબતમાં, મે મારી બુદ્ધિનો, ઉપયોગ કરવા ધાર્યું છે. ૩

तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षाप्रलयकृत्
त्रयीवस्तुव्यस्तं तिसृषु गुणभिन्नासु तनुषु ।

अभव्यानामस्मिन्वरद रमणीयामरमणीं
विहन्तुं व्याक्रोशीं विदधत इहैके जडधियः ॥ ४ ॥

અર્થ—હે મનોરથ પૂર્ણ કરનારા પ્રભો ? આપનું વેદત્રયીથી, પ્રતિપાદન કરાયલું ઐશ્વર્ય, કે જે ત્રિભૂવનની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારૂં છે. તેને સત્વ, રજ, અને તમ, નામક ગુણ ત્રયથી, બનેલી, બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર નામની, ભિન્ન ભિન્ન મૂર્તિઓમાં આરોપવામાં આવ્યું છે. અર્થાત્ ગોઠવી દેવામાં આવ્યું છે. ઉપર પ્રમાણે આપનું ઐશ્વર્ય, પ્રમાણ સિદ્ધ, અને પ્રત્યક્ષ છે. છતાં પણ કેટલાએક મંદ બુદ્ધિવાળા લોકો તેને ખોટું ઠરાવવાના હેતુથી, દુષ્ટોના મનને ગમે તેવી પરંતુ વસ્તુતઃ અત્યંત અયોગ્ય નિંદા કર્યા કરે છે. તથાપિ હે પ્રભો! તેવા દુષ્ટોની નિંદાથી, ઉપર વર્ણવેલાં આપના મહાન ઐશ્વર્ય ને કશો પણ બાધ આવવાનો નથી, પણ માત્ર તેઓનો, પોતાનોજ, તેમાં અધઃપાત થવા સરખું છે. ૪

किमीहः किंकायः स खलु किमुपायस्त्रिभुवनं
किमाधारो धाता सृजति किमुपादान इति च
अतर्क्यैश्वर्ये त्वय्यनवसरदुःस्थो हताधियः
कुतर्कोयं कांश्चिन् मुखरयति मोहाय जगतः ॥ ५ ॥

અર્થ—હે પ્રભો ! આપ કે જેના ઐશ્વર્યને કોઇ પણ જાતનો તર્ક પહોંચી શકતો નથી, તેઓ પ્રતિ કોઈ કોઇ મંદ બુદ્ધિવાળા મનુષ્યો ! વિધાતા કઇ ચેષ્ટાથી કેવાં શરીરથી, કયાં ઉપાયો (સહકારી કારણો) થી. કોને આધારે, અને કયાં સમવાયી કારણોવડે ત્રિભુવનને રચે છે, એવી

એવી જાતનો ઠેકાણાં વગરનો અને અઘટિત મિથ્યા કુતર્ક દુનીઆને ભમાવવા માટે કર્યા કરે છે. ૫

अजन्मानो लोकाः किमवयववन्तोऽपि जगता
मधिष्ठातारं किं भवविधिरनादृत्य भवति ।
अनीशो वा कुर्यात् भूवनजनने कः परिकरो
यतो मंदास्त्वां प्रत्यमरवर संशेरत इमे ॥ ६ ॥

અર્થ—હે દેવોમાં શ્રેષ્ઠ! સ્વર્ગાદિ લોક, અવયવવાન્, હોવા છતાં શું તેઓને અજન્મા માની શકાય? ના, નજ માની શકાય??? જ્યારે એઓને, અજન્મા, ન, માની શકાય ત્યારે તેનો જન્મ અર્થાત્ ઉત્પત્તિ સાબીત થઈ જ્યારે ઉત્પતિ સાબીત થઇ ત્યારે તે ઉત્પત્તિ ક્રિયા, શું ઉત્પન્ન કરનાર વ્યક્તિ વગર સંભવે છે? કદાપિ કોઇ એમ કહે કે—ઇશ્વર શિવાય, અન્ય કોઇ સામાન્ય વ્યક્તિએ, સ્વર્ગાદિ લોક રચ્યા તો તેઓને અમો પૂછીયે છીયે કે—તેવી સામાન્ય વ્યક્તિ પાસે, ચૌદબ્રહ્માંડો રચવા જેવી. સામગ્રી કે સત્તા શી છે? અર્થાત્ કઇજ નથી. આવી રીતે સર્વ પ્રમાણોથી સમર્થ, ઇશ્વર તરીકે આપજ સિદ્ધ છો તથાપિ જેઓ આપના વિષે શંકા રાખનારા છે તેઓ, ખરેખરા અજ્ઞાની કિંવા મુર્ખ છે.

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमितिच ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ ७ ॥

અર્થ—હે પ્રભો ! વેદત્રયી એટલે કે-ઋગ્, યજુ અને સામનામે ત્રણ વેદો, સાંખ્ય શાસ્ત્ર. યોગશાસ્ત્ર, પશુપતિ મત, વૈષ્ણવ મત, એ રીતે જુદા જુદા અનેક માર્ગો છે. તેમાથી , એકને એક તો બીજાને બીજો માર્ગ હિતકારક અને ઉત્તમોત્તમ ભાસે છે. મતલબકે-પ્રત્યેક, માણસ પો-

---

૧ વેદત્રયી—જેની અંદર રૂગ્ યજુ, સામ, અને અથર્વ, નામના, ચાર વેદો. આયુર્વેદ, ગંધર્વ વેદ, અને અર્થશાસ્ત્ર, નામ ચાર ઉપવેદો, શિક્ષા , કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત છંદ અને જ્યોતીષ, નામના છ વેદાગો, પુરાણ, ન્યાય, મિમાંસા, અને ધર્મશાસ્ત્ર, નામના ચાર ઉપાંગો મળી, અઢાર વિદ્યાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૨ સાંખ્યશાસ્ત્ર આ શાસ્ત્રમાં ભગવાન્ કપિલદેવે યુક્તિપૂર્વક પ્રકૃતિ અને પુરૂષનું વિવેક વિજ્ઞાન દર્શાવ્યું છે. ૩ યોગશાસ્ત્ર આ શાસ્ત્રમાં ભગવાન્ પતંજલીએ. ચિત્તવૃત્તિના નિરોધ માટે, સમાધી અને વૈરાગ્યના સ્વરૂપો, અને સાધનોનું જ્ઞાન ચિત્તવિક્ષેપ પામ્યું હોય તથાપિ સમાધી સાધી શકવા માટે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ધ્યાન, અને સમાધી રૂપી આઠ અંગો, યોગ સામર્થ્ય અને મોક્ષ ઇત્યાદી ઉપયુક્ત વિષયોનો સમાવેશ કરેલો છે. ૪ પશુપતિ મત પશુપતિ મતમાં ભગવાન પશુપતિએ, પશુ પાશ વિમોક્ષ્યનાર્થ કાર્ય રૂપે જીવ (પશુ) ના કારણ રૂપ ઈશ્વર (પશુપતિ) માની તેમાં ચિત્તનું સમાધાન કરવા રૂપ યોગ તેમજ ભસ્મવડે ત્રિષવણાદિ સ્નાન નિરૂપણ રૂપવિધિ એટલે કે કાર્ય, કારણ, યોગ અને વિધિ, બતાવી સેવટ દુઃખાંતક સંજ્ઞક મોક્ષ બતાવેલો છે. શૈવમંત્ર શાસ્ત્રનો પણ આમાં જ અંતર્ભાવ છે એમ સમજી લેવું. ૫ વૈષ્ણવમત આની અંદર નારદ પંચરાત્રાદિમતાનુસાર વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એમ ચાર બાબતનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં વસુદેવને સર્વના ઉત્પાદક કારણ રૂપ માની સંકર્ષણ રૂપ જીવ પ્રદ્યુમ્ન રૂપી મન અને અનિરૂદ્ધ રૂપી અહંકાર, એ સર્વ વાસુદેવ પ્રભુનાજ અંશરૂપ હોવાથી તેમનાથી ભિન્ન નહિ માનતાં તદ્રૂપ માનતો મનવાણી અને કર્મથી આરાધના કરનારો માણસ, કૃતકૃત્ય થાય છે ઇત્યાદિ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઇત્યાંત વૈષ્ણવ મંત્ર શાસ્ત્રનો પણ આમાંજ સમાવેશ કર્યો છે.

તાની મરજી મુજબ જેને જે ગમે છે તેનેજ તે અનુસરીનેજ આપને ભજે છે. જેમ કે વાંકા ચુંકા કે સિધ્ધા અનેક માર્ગથી વહેતી નર્બદા આદી નદીઓ સમુદ્રમાં જઈનેજ મળે છે. તેમજ ગમે તેવા વાંકા ચુંકા કે સિધ્ધા, માર્ગથી પણ આપનું સેવન કરનારા ભક્તો, છેવટ આપનેજ મળે છે. ૭

महोक्षः खट्वांगं परशुरजिनं भस्मफणिनः
कपालं चेतीयत्तव वरद तंत्रोपकरणम् ।
सुरास्तां तामृद्धिं दधति तु भवद्भ्रूप्रणिहितां
न हि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ॥ ८ ॥

અર્થ—હે વરદાન દેનારા પ્રભો ! દેવો કે જેઓના ઉપર આપની દયામય ભ્રકુટીની પ્રેરણા થવાથી તેઓ અસાધારણ વૈભવવાળી, અનેકાનેક રિદ્ધિ અને સિદ્ધિઓ, ભોગવે છે. એવી આપની અનુપમ સંપત્તિ છે. છતાં, પણ આપે પોતાનાં વૈભવના સાધન તરીકે ફક્ત સાતજ વસ્તુ જેવી કે બુઢ્ઢો પોઠીયો, ખાટલાના અવયવ સરખું ખટવાંગ નામે આયુધ, ફરશી, હરણનું ચામડું વિભુતિ, સર્પ, અને માણસના માથાની ખોપરીનેજ ઉપયોગમાં લીધેલી છે. તેથી એમ નક્કી થાય છે. કે આપ ચિદાનંદ સ્વરૂપ મહા સમર્થ યોગી છો. કારણ કે-વિષય રૂપાં, મૃગતૃષ્ણા, ફક્ત ચિદ્ઘનાનંદ રૂપે, પોતાના સ્વરૂપમાં, રમનારા, યોગીઓનેજ ભ્રમિત કરી શકતી નથી.

ध्रुवं कश्चित्सर्वं सकलमपरस्त्वध्रुवमिदं
परो ध्रौव्याध्रौव्ये जगति गदति व्यस्तविषये ।

समस्तेप्ये तस्मिन्पुरमथन तैर्विस्मित इव
स्तुवन्जिह्रेमि त्वां न खलु ननु धृष्टा मुखरता ॥ ९ ॥

અર્થ—હે ત્રિપુરનો નાશ કરનાર પ્રભો! કોઈ કોઈ જેવા કે—સાંખ્ય પાંતંજલાદિ મતાનુયાયીઓ, આ, વિશ્વને, અવિનાશી અર્થાત્ જન્મ મરણાદિ ઉપાધી રહિત, માને છે. અને બીજાઓ જેવા કે બૌધ્ધાદિ મતાનુયાયીઓ. વિનાશી અર્થાત્ જન્મમરણાદિ ઉપાધીયુક્ત, માને છે. આશિવાય એક ત્રીજો મત છે. તેનો સ્વીકાર કરનારા એમ કહે છે—કે સમસ્ત વિશ્વમાં નિત્યાનિત્ય પણું કિંવા અવિનાશી વિનાશી પણું-ભિન્નભિન્ન પ્રકારે રહેલું જ છે. જેમ કે આકાશાદિતત્વો નિત્ય છે. અને તેના કાર્યરૂપ ઘટાદિ પદાર્થો અનિત્ય છે. ઉપર પ્રમાણે અનેક પ્રકારના મતવાદીઓના સ્તુતિ પ્રકારો વડે આશ્ચર્યચકિત થયેલો હું આપની સ્તુતિ કરતાં, શરમાતો નથી, કારણ કે વાચાળપણું શરમને દાબી દે છે. ૯

तवैश्वर्यं यत्नाद्यदुपरि विरिंचिर्हरिरधः
परिच्छेत्तुं याता वनलमनलस्कंधवपुषः ।
ततो भक्तिश्रद्धाभरगुरुगृणद्‌भ्यां गिरेश यत्
स्वयं तस्थे ताभ्यां तव किमनुवृत्तिर्न फलति ॥ १० ॥

અર્થ—હે ગિરિશ! આપના તેજોમય સ્થૂળ શરીરનો છેડો તપાસવા માટે બ્રહ્માએ આકાશ તરફ અને વિષ્ણુએ પાતાળ તરફ ચાલવા માંડ્યું. અગાધ પરિશ્રમ વેઠી ચાલતાં છતાં પણ જ્યારે ધારેલું કામ પાર ન પડ્યું ત્યારે તેઓ થાક્યા. અને તુરતજ આપનો તાગ લાવવાના વિચારો છોડી દઈને આપની અત્યંત દૃઢતા પૂર્વક ભક્તિ કરવાવડે

મહત્ત્વવાળી સ્તુતિ કરવા લાગ્યા, હે પ્રભો ! તેજ વખતે અત્યંત શ્રદ્ધા ભક્તિ યુક્ત સ્તુતિથી પ્રસન્ન થઇ આપે તેઓને દર્શન દીધાં. માટે હે પ્રભો ! આપને ધન્ય છે. આપની સેવાથી શું ફળ સિદ્ધિ મળતી નથી ? અર્થાત્ સર્વ મળે છે. ૧૦

अयत्नादापाद्य त्रिभुवनमवैरव्यतिकरं
दशास्यो यद्वाहू नभृत रणकंडूपरवशान् ।
शिरः पद्मश्रेणीरचितचरणाम्भोरुहबलेः
स्थिराया स्त्वद् भक्ते स्त्रिपुरहर विस्फूर्जितमिदं ॥ ११ ॥

અર્થ—હે ત્રિપુરહર ! દશવદન રાવણ કે જેણે, પરિશ્રમવિના ત્રણ, લોકને નિર્વૈર બનાવી, રણ સંગ્રામના સળવળાટથી, ખાજવતી, વીશ, ભુજાઓ, ધારણ કરી છે. તે ફક્ત આપના ચરણ કમળમાં પોતાના મસ્તકોના બલિદાન રૂપી, કમળ પૂજા, અર્પણ કરી, દેખાડી આપેલ સ્થિર ભક્તિનો જ પ્રતાપ છે. ૧૧

अमुष्य त्वत्सेवा समधिगतसारं भुजवनं
बलात् कैलासेपि त्वदधिवसतौ विक्रमयतः ।
अलभ्या पातालेप्यलसचलितांगुष्टशिरसि
प्रतिष्ठात्वय्यासीत् ध्रुवमुपचितो मुह्यति खलः ॥ १२ ॥

અર્થ—હે ત્રિપુરહર ! સંપત્તિમાં વધેલા દુર્જન,કરેલા ઉપકારને ભૂલી જાય એ વાત ચોક્કસ છે. રાવણ કે જેની ભુજાઓ આપની સેવાના પ્રતાપ બળથીજ બળવાન બની હતી તેજ ભુજાએ વતી આપના

નિવાસ સ્થાન રૂપ કૈલાસને બળથી હલબલાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. હે પ્રભો ભુજાઓનું ગમે તેટલું બળ વાપરવા છતાં પણ જ્યારે આપની અંગુઠાના ટેરવાની, સેજ સાજ હાલચાલનો, આઘાત થયો, ત્યારે તેને પાતાળમાં ટકવું પણ મુશ્કેલ થઇ પડ્યું હતું. ૧૨

यद्दिर्द्धं सुत्रामणो वरद परमोच्चैरपि सती
मधश्चक्रे बाणः परिजनविधेयत्रिभुवनः ।
नतच्चित्रं तस्मिन् वरिवसितरि त्वच्चरणयो
र्न कस्या उन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥ १३ ॥

અર્થ—હે વરદાન આપનારા પ્રભો ! આપના ચરણનો આશ્રય લેનાર બાણાસુર કે જેણે ત્રણ ભુવનના લોકોને, પોતાના, આશાગ નીચે રહેનારા નોકર વર્ગ સરખાં બનાવી દીધાં છે તેમજ પોતાની સમૃદ્ધિને બળે મહા રાજા ઇંદ્રની ઉંચામાં ઉંચી સમૃદ્ધિને પણ અત્યંત તુચ્છ બનાવી દીધી છે. તથાપિ તેમાં આશ્ચર્ય જેવું શું છે ? અર્થાત્ કઇ નથી કારણ કે આપને કરવામા આવેલા નમનથી મોક્ષ પર્યંતની ઉન્નતિ પ્રાપ્ત કરી શકાય છે તો પછી વૈભવોત્પાદક ઉન્નતિની પ્રાપ્તિમાટે પૂછવુંજ શું ?૧૩

अकांडब्रह्मांडक्षयचकितदेवासुरकृपा
विधेयस्यासीद्य स्त्रिनयन विषं संहृतवतः ।
स कल्माषः कंठे तव न कुरुते न श्रिय महो
विकारोऽपि श्लाघ्यो भुवनभयभंगव्यसनिनः ॥ १४ ॥

અર્થ—હે ત્રિનેત્ર; પ્રભો ! જ્યારે સમુદ્ર મથન કરતીવેળા, તેમાંથી એકાએક સમસ્ત બ્રહ્માંડનો નાશ કરનાર, મહાપ્રલય સરખું ઉગ્ર હાલાહલ

નિકળી આવ્યું. ત્યારે તેને જોઇ દેવ અને દાનવો અત્યંત બીવા લાગ્યા. આપે જાણ્યું કે દેવ અને દાનવો ગભરાયા છે ત્યારે તેની દયા ખાતર સદરહુ વિષ આપે આપના કંઠ દેશમાં રાખેલું છે. અને તેને લીધે કંઠ પ્રદેશ કાળાશ પકડી ગયો છે. પરંતુ હે પ્રભો ! શું ? એ કાળાશ આપને નથી શોભતી ? નાના અવશ્ય શોભે છે. કારણ કે લોકના ત્રાસનો નાશ કરવા જતાં થયેલો કોઇ પણ જાતનો વિકાર પણ વખાણવા લાયક ગણાય છે. એટલે કે જગતનો ઉપકાર કરવા જતાં થયેલું દૂષણ એ પણ એક ભૂષણ સમાનજ છે. ૧૪

असिद्धार्था नैव क्वचिदपि सदेवासुर नरे
निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः ।
सपश्यन्नीश त्वामितरसुरसाधारणमभूत्
स्मरः स्मर्तव्यात्मा न हि वशिषु पथ्यः परिभवः ॥ १५ ॥

અર્થ—હે ઇશ ! વિજયશાળી કામદેવ, દેવદાનવ કે માનવોમાં જ્યાં જ્યાં પોતાના અમોઘ બાણો ફેંકે છે. ત્યાં ત્યાં તે પોતે ધારેલું નીશાન ચોકસ પણે વિંધી શકે છે. અર્થાત્ તેમના તરફથી ફેંકવામાં આવેલું, બાણ, ક્યાંય પણ, નિષ્ફળ જતું જ નથી.

કામદેવને આવી રીતે ચોતરફથી એક સરખો વિજય મળતો જ રહેતો હોવાથી આપને પણ તેણે બીજા સાધારણ દેવતા સરખા ધારી લીધા જેને પરિણામે તે બલવાન હતો તથાપિ માત્ર નામસ્મરણ અવશેષ રહ્યો. અર્થાત્ તુરતજ મરણ પામ્યો. કારણ કે એટલું તો નક્કી છે કે એકાદ સામાન્ય ઇંદ્રીય નિગ્રહ રાખનારા પુરૂષનું પણ અડપલું કરવામાં આવે તો

તે નુકશાન કરે છે, તો પછી આપ, કે જે અત્યંત ઉત્કૃષ્ટ ઇંદ્રીયનિગ્રહવાન્ છો, તેના અડપલાંની તો વાતજ શી ? ૧૫

मही पादा घाताद्व्रजति सहसा संशयपदं
पदं विष्णो र्भ्राम्यद्भुजपरिघरुग्णग्रहगण ।
मुहुर्द्यौर्दौस्थ्यंयात्यनिभृत जटा ताडिततटा
जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥ १६ ॥

અર્થ—હે ઇશ ! આપ, જોકે- જગતનું રક્ષણ કરવાના હેતુથીજ તાંડવાદિ નૃત્યો કરો છો, તથાપિ તે વખતે થતા એકાએક ચરણના આઘાતથી, પૃથ્વીને પોતાની સ્થિરતા માટે સંશય ઉત્પન્ન થાય છે. તેમજ ફરતી ભુજાઓ રૂપી ભોગળોથી ભાંગેલા ગ્રહનક્ષત્રોવાળું, આકાશ, પણ તેવીજ રીતે, સંશયારૂઢ રહે છે. ઉપરાંત જેના છેવટના પ્રદેશોમાં, છુટેલી જટાઓ. વારંવાર પછડાયા કરે છે. તેવો સ્વર્લોક પણ દુઃખથી માંડ માંડ ટકી શકાય તેવી સ્થિતિ ભોગવે છે. એવી રીતે ઘણે ભાગે ત્રણે લોકો સંશયારૂઢ અર્થાત્ અવ્યવસ્થિત અને સંકટગ્રસ્ત દેખાય છે. તથાપિ લાચાર છીયે, કે પ્રભુતા પ્રતિકુળતા વગરની જણાતી નથી. એટલે કે જેનામાં જેટલો સંતોષ આપવાની શકિત હોય છે. તેનામાં તેટલા પ્રમાણમાં અમુક અસંતોષ ઉત્પન્ન થવાનું કારણ મળી આવે છે. જેમકે—એક નાનો સરખો પણ રાજા જ્યારે પોતાના દેશનું રક્ષણ કરવાને સેના સહિત કુચ કરે છે. ત્યારે બીજી રીતે તેજ રાજાના સેના સહિત સંચારથી દેશોને થોડો ઘણો પણ ઉપદ્રવ થયા વગર રહેતો નથી, એક નાના સરખા રાજાની બાબતમાં પણ જ્યારે આ પ્રમાણે થાય છે. ત્યારે પછી સમસ્ત રાજાના રાજા જગતનું રક્ષણ કરવા ખાતર નૃત્યાદિ સંચાર કરે અને તેને લીધે લોકોને સેજ સાજ જો કષ્ટ પડે તો તે સ્વાભાવિક છે. ૧૬

वियद्व्यापीतारागणगुणितफेनोद्गमरुचिः
प्रवाहो वारां यः पृषतलघुदृष्टः शिरसि ते ।
जगद्द्वीपाकारं जलधिवलयं तेन कृतमि-
त्यनेनैवोन्नेयं धृतमहिमदिव्यं तव वपुः ॥ १७ ॥

અર્થ—હે ઈશ ! જે મહાજલ પ્રવાહ સમસ્ત આકાશમાં પથરાયલો રહે છે. તથા જે તારા મંડલના પ્રકાશની સાથે મળી જતા ફીણના પરપોટાઓથી અત્યંત શોભા નિકળે છે તે મહાજલ પ્રવાહ આપના મસ્તકમાં એક નાના જલબિંદુ સરખો સૂક્ષ્મ દેખાય છે. કે જેમાંથીજ આપે આ વિશ્વને જુદા જુદા દ્વીપોના આકારમાં અને સમુદ્રોરૂપી ખાઈવાળું બનાવી દીધું છે. આ ઉપરથી માનવાને કારણ છે કે આપનું દિવ્ય શરીર સર્વ મહિમા યુક્ત, એટલે સર્વ રચનાઓ રચવાને શકિતવાન છેજ. ૧૭

रथः क्षोणी यन्ता शतधृतिरगेन्द्रो धनुरथो
रथांगे चन्द्रार्कौ रथचरणपाणिः शर इति ।
दिधक्षोस्ते कोऽयं त्रिपुरतृणमाडंबरविधि
र्विधेयैः क्रीडन्त्यो न खलु परतन्त्राः प्रभुधियः ॥ १८ ॥

અર્થ—હે ઈશ ! આપકે, જે ઈચ્છા માત્રથી સમસ્ત વિશ્વનો નાશ કરવાને સમર્થ છો, તે ફકત ત્રિપુરાસુર સરખા ઘાંસને બાળી નાખવાની મતલબથીજ જો સૂર્ય અને ચંદ્ર રૂપી આકવાળો, પૃથ્વી રૂપી રથ, બ્રહ્મા રૂપી સારથી, મેરૂ પર્વત રૂપી ધનુષ્ય અને વિષ્ણુ ભગવાન રૂપી બાણ, ઇત્યાદિ ઉપકરણો એકઠા કરતા હો, તો તો તે કેવળ આપનો એક આડંબરજ ગણાય, પરંતુ કદાચ આડંબર માટે ન હોય અને એવાં સાધનો માત્ર

ગમ્મત ખાતર એકઠાં કરવામાં આવ્યાં હોય તો તેમાં કંઈ અયટિત કહેવાય નહી, કરણ કે. મહાપુરૂષોની કલ્પનાઓમાં સ્વાતંત્રતાનો અંશ વિશેષ હોય છે. ૧૮

हरिस्ते साहस्रं कमलबलिमाधाय पदयो-
र्यदेकोने तस्मिन्निजमुदहरन्नेत्रकमलं ।
गतो भक्त्युद्रेकः परिणतिमसौ चक्रवपुषा
त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगतां ॥ १९ ॥

અર્થ—હે ત્રિપુર હર ! જ્યારે વિષ્ણુ ભગવાન, હજાર કમળોનુ બળીદાન આપી આપનું પૂજન કરવાનો આરંભ કરતા હતા, ત્યારે આપે તેમની ભકિતની પરીક્ષા જોવા માટે ગુપ્ત રીતે તેમાંનું એક કમળ ગુમ કર્યું હતું. જ્યારે કમળ અર્પણ કરતી વખતે વિષ્ણુએ જોયું કે, હજારમાં એક કમળ ઘટે છે ત્યારે પોતાના નિયમનો ભંગ ન થવા દેવા ગુમ થયેલ, કમળના બદલામાં પોતાનું નેત્ર કમળ ઉખેડી, આપને અર્પણ કર્યું, અને આપે પણ તેમની ઉત્કટ્ર ભકિત જોઈ સુદર્શન સરખુ અત્યુત્તમ ચક્ર મેળવી આપ્યું કે જેવડે ત્રિલોકીનું રક્ષણ કરવામાં વિષ્ણુ પણ સાવધાન પણે કાયમને માટે સાચવી શકે છે. ૧૯

क्रतौ सुप्ते जाग्रत्त्वमसि फलयोगे क्रतुमतां
क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ।
अतस्त्वां संप्रेक्ष्य क्रतुषु फलदानप्रतिभुवं
श्रुतौ श्रद्धां बद्ध्वा कृतपरिकरः कर्मसु जनः ॥ २० ॥

અર્થ—હે ઈશ ! જોકે યજ્ઞાદિ કર્મોનો લય થઈ જાય છે, તથાપિ યજ્ઞાદિ કર્મ કરનારાઓના ફળના કારણ રૂપ આપ સર્વદા જાગ્રતજ છો. તેમજ નાશ પામેલી ક્રિયાઓ ફળને આપનારાઓના આરાધન વગર ક્યાંય પણ ફળી છે ? અર્થાત્ ક્યાંય પણ ફળી નથી એટલા માટેજ શ્રૌત સ્માર્ત ક્રિયાઓમાં ફળ પ્રાપ્તિ માટે પ્રતિભૂ, અર્થાત્ દ્રષ્ટા કિંવા જામીન તરીકે આપને નક્કી કરવાથી આપ કર્મ ફળ અવશ્ય આપશોજ એવી આપના વિષે સદ્ભાવના ઉત્પન્ન કરાવનારી શ્રુતિમાં શ્રધ્ધા બાંધીને લોકો શ્રૌત સ્માર્ત કર્મોમાં પ્રવૃત્ત થાય છે. જેમ કોઈ વ્યાજે નાણા આપનારો માણસ બીજા ધણીને નાણા આપતી વખતે વચમાં જામીન અથવા દ્રષ્ટા તરીકે કોઈને રાખવાથી માને છે, કે-નાણા લેનાર માણસ જો ભાગી જશે, અથવા મરણ પામશે તોપણ દ્રષ્ટા અર્થાત્ વચમાં પડનાર માણસ મારફત મને મારા નાણાં મળ્યા વગર રહેશે નહી; એમ માની નિઃશંકપણે નાણાં આપવા હિમ્મત કરે છે. તેમજ યજમાન પણ કર્મનો નાશ થયા છતાં કર્મસાક્ષી કિંવા કર્મદ્રષ્ટા પરમેશ્વર—કે જેને કર્મ પ્રતિભૂ માનવામાં આવે છે. તેની મારફત કર્મનું ફળ મને અવશ્ય મળશેજ એમ માનીને નિઃશંકપણે કર્માનુષ્ઠાનો કર્યા કરે છે. ૨૦

क्रिया दक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृता
मृषीणामार्त्विज्यं शरणद सदस्याः सुरगणाः ।
क्रतुभ्रेषस्त्वत्तः क्रतुफलविधानव्यसनिनो
ध्रुवं कर्तुः श्रद्धा विधुरमभिचाराय हि मखाः ॥ २१ ॥

અર્થ—હે શરણમાં રાખનાર પ્રભો ! જ્યારે લોક સ્વામી અને ક્રિયા કુશળ પ્રજાપતિ દક્ષ જેવા સમર્થ પુરૂષને ત્યાં યજ્ઞ હતો ત્યારે તેમાં ત્રિકાળ દર્શી મહાત્મા ભૃગુરૂષી જેવા ઋત્વિજો હતા અને બ્રહ્મા આદિ દેવ ગણો

સભાસદ હતા, યજ્ઞકાર્ય પણ સંપૂર્ણ શાસ્ત્રમાર્ગથી ચાલતું હતું. તથાપિ તેમાં આપકે જે યજ્ઞના ફળરૂપે પ્રાપ્ત થતા સ્વર્ગાદિ સાધનોને પુરા પાડવામાં પૂર્ણ પ્રયત્નવાન્ છો. તેનો અનુગ્રહ મેળવવાને બદલે, અપ્રસન્નતા મેળવાવલી હતી, તેથી સદરહુ, યજ્ઞનો નાશ થયો. આ ઉપરથી એટલું તો ચોક્કસ છે કે—યજ્ઞફળ આપવાને સમર્થ, વિશ્વંભર, ઉપર શ્રદ્ધા રાખ્યા વગર કરવામાં આવેલા યજ્ઞો યજ્ઞ કરનારનો નાશ કરે છે. ૨૧

प्रजानाथं नाथ प्रसभमभिकं स्वादुहितरं
गतं रोहिद्भूतां रिरमयिषु मृष्यस्य वपुषा ।
धनुः पाणेर्यातं दिवमपि सपत्राकृतममुं
त्रसन्तं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ॥ २२ ॥

અર્થ—હે નાથ ! જ્યારે બ્રહ્મા, પોતેજ કામથી, પરવશ, બની, પોતાની પુત્રી પાછળ દોડયા; ત્યારે તે બીચારીને શરમ થવાથી મૃગલીનું રૂપ લેવું પડ્યું. બ્રહ્માએ જ્યારે જાણ્યું કે, પુત્રીએ મૃગલીનુ રૂપ ધારણ કર્યું છે, ત્યારે પોતે પણ મૃગનું રૂપ ધારણ કર્યું; અને મનની સાથે નક્કી કર્યું, કે બલાત્કારે પણ ધારેલું કામ પાર પાડવું.

આપકે જે ધનુષ્યધારી છો, તેઓએ બ્રહ્માના આવી જાતના અઘટિત ઇરાદાને અટકાવવાના હેતુથી, પારધીના બાણની ગરજ સારે તેવો ક્રોપાવેશ ઉત્પન્ન કર્યો. બ્રહ્માએ, પણ સદરહુ ક્રોપાવેશથી, બચવાને ખાતર આકાશમાં પોહોંચાવળી, મૃગશીર્ષ નક્ષત્રનું રૂપ લીધું, તથાપિ તેમને સતાવવાને આપનો કોપાવેશ, આર્દ્રા નક્ષત્ર રૂપે પહોચી વળ્યો છે, તે અદ્યાપિ પર્યંત પણ તેમનો છેડો છોડતો નથી, અને બ્રહ્માપણ, તેને

જોતાંજ, જાણે કેમ પણ સહિત આણુ, પોતાના શરીરમા પેસી જઇને ક્રીડા કરતું હોય, એમ માની લેછે. ૨૨

स्वलावण्याशंसाधृतधनुषमह्नायतृणवत्
पुरः प्लुष्टं दृष्ट्वा पुरमथन पुष्पायुधमपि ।
यदि स्त्रैणं देवी यमनिरतदेहार्धघटना
दवैति त्वामद्धा बत वरद मुग्धा युवतयः ॥ २३ ॥

અર્થ—હે ત્રિપુરનો નાશ કરનારા પ્રભો ! દેવી પાર્વતીએ જોયું કે મારી સમક્ષ, મારાજ સૌંદર્ય બળને આધારે. યોગનિષ્ઠ શંકરને, મોહિત કરવાની ઉમેદમાં, ધનુષ્ય ધારણ કરી, સજ્જ થયેલા, કામદેવ, ઘાસના તણખલાની પેઠે તેજ વખતે બળીને ખાખ થઇ ગયો છે. છતાં તેમજ આપે, તો, જોકે તેણીના લાંબા વખતના, તપને ધ્યાનમાં લઇ, કેવળ દયાને ખાતરજ તેણીના અર્ધદેહનો, આપના અર્ધ દેહ સાથે, સમાવેશ કર્યો છે, છતાં પણ, તેણી અર્ધાંગનાનું માન મળવાથી એમ માનતાં હોય કે, શંકર સ્ત્રી લંપટ છે, તો તે તેને છાજે છે. કારણ કે, સ્ત્રીઓ હમેશાં સ્વાભાવથી જ મુગ્ધ હોય છે. ૨૩

स्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचरा
श्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः ।
अमंगल्यं शीलं तव भवतु नामैवमखिलं
तथापि स्मर्तॄणां वरद परमं मंगलमसि ॥ २४ ॥

અર્થ—હે કામનો નાશ કરનાર પ્રભો ! જોકે આપની સર્વ રીત ભાત જેવી કે સ્મશાનોમાં વિહાર, પિશાચોની સોબત, સમસ્ત શરીરમાં ચિતાની રાખનું અનુલેપન, તેમજ મરી ગયેલા માણસોની ખોપરીયોની બનાવેલી માળા, ઈત્યાદિ ઈત્યાદિ આચરણો અત્યંત અમંગલ છે. તથાપિ સ્મરણ કરનારા ભક્ત જનોને તો આપ પરમ મંગળ રૂપ છો. ૨૪

અત્યાર સુધી સગુણ, નિરગુણ, અને લીલા વિગ્રહ સ્વરૂપના પ્રસંગો વર્ણવવામાં આવેલા છે. તથાપિ અદ્વૈત સ્વરૂપ કે જેને સર્વ શ્રુતિ સ્મૃતિઓના તાત્પર્ય પ્રમાણે સત્ય માનવામાં આવ્યું છે અને બીજા પ્રપંચો કે જે તેનાથી અલગ છે અને સ્વપ્નની માફક મિથ્યા ગણાતા હોવાથી અદ્વૈત સ્વરૂપના વિચાર વગર તુપ કંડન (ફોતરાં ખાંડવાની માફક) ની માફક નિરર્થક ગણાઇ ન જાય તેટલા માટે હવે નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવશે.

मनः प्रत्यक्चित्ते सविधमवधायात्तमरुतः
प्रहृष्यद्रोमाणः प्रमदसलिलोत्संगितदृशः ।
यदालोक्याल्हादं ऱ्हद इव निमज्ज्यामृतमये
दधत्यन्तस्तत्वं किमपि यमिनस्तत्किल भवान् ॥ २५ ॥

અર્થ—હે વરદાન આપનારા પ્રભો ! યથાશાસ્ત્ર પ્રાણ આદિ પવનોની ક્રિયાને વ્યવસ્થિત રાખનારા શમદમાદિ સાધન સંપન્ન પરમ હંસો પોતાના ન્હદયકમલમાં સંકલ્પ વિકલ્પાત્મક મનને સ્થિર કરીને અર્થાત્ વૃત્તિ શૂન્ય બનાવીને હર્ષાશ્રુ નેત્રે, અને પુલકિત રોમાંચે જે તત્વને કોઇ પણ આકારથી ઓળખી શકતું નથી તેવાં સત્યજ્ઞાનમય, ચિદાનંદાત્મક તત્વને અવલોકી અન્તરમાં આનંદને ધારણ કરે છે તે તત્વરૂપ આપ પોતેજ છો.

ઉપર પ્રમાણે સર્વાત્મક અદ્વૈત બ્રહ્મને માટે વિદ્વાનોના અનુભવ યુક્ત, પ્રત્યક્ષ પ્રમાણ બતાવીને તેજ અદ્વૈતને તર્કથી સિદ્ધ કરી બતાવે છે. ૨૫

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवह
स्त्वमापस्त्वं व्योमत्वमुधरणि रात्मा त्वमिति च
परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रतु गिरं
नविद्मस्तत्तत्वं वयमिह तु यत्त्वं न भवसि ॥ २६ ॥

અર્થ—હે વરદાન દેનારા પ્રભો ! જોકે પરિપકવ બુદ્ધિના પુરૂષોતો આપને સૂર્ય, ચંદ્ર, પવન, અગ્નિ, જળ, આકાશ, કે આત્મા, ઈત્યાદિ માપેલી વાણીથી જ બોલાવે છે. પરંતુ તેઓ તેવી વાણી ભલે ધારણ કરે પણ અમે તો એવું કોઈપણ તત્વ જોતા કે જાણતા નથી કે જે તત્વરૂપ આપ ન હો, અર્થાત્ અમે તો સર્વ તત્વરૂપ આપનેજ જાણીએ છીયે. ૨૬

त्रयीं तिस्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपिसुरा
नकाराद्यैर्वर्णैस्त्रिभिरभिदधत्तीर्णविकृति ।
तुरीयं ते धाम ध्वनिभिरवरुन्धानमणुभिः
समस्तं व्यस्तं त्वां शरणद गृणात्योमितिपदं ॥ २७ ॥

અર્થ—હે શરણાગત પાલક પ્રભો ! ઋક્ યજુ અને સામવેદો જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તી અવસ્થાઓ, ભૂર્ ભુવર્ અને સ્વર્ લોકો, તેમજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર દેવોને છૂટા છૂટા ત્રણ અકારાદિ વર્ણોવડે ધારણ કરતું વ્યસ્તાત્મક ઓંકાર પદ તમોને વખાણે છે. જેમકે, અકાર પદમાં ઋગ્વેદ, જાગ્રતાવસ્થા, ભુર્લોક, અને બ્રહ્માનો સમાવેશ થાય છે.

ઉકારમાં યજુર્વેદ, સ્વપ્નાવસ્થા, ભુવર્લોક, અને વિષ્ણુનો સમાવેશ, થાય છે. તેમજ, મકારમાં, સામવેદ, સુષુપ્તી સ્વર્લોક, અને મહેશ્વરનો સમાવેશ થાય છે ઉપર પ્રમાણે વર્ણવેલાં અકાર ઉકાર અને મકારાત્મક વર્ણત્રયથી છુટું કરાયલું ઓંકર પદ છે તેજ રૂપે તમોને સ્તવે છે. તેમજ એકરુ સમસ્તાત્મક ઓંકાર પદ જો કે અખંડ ચૈતન્યાત્મક અવસ્થાત્રયના અભિમાનથી વિલક્ષણ તુરીય સ્વરૂપ કે જે સૂક્ષ્મધ્વનિઓથી નહી જાણી શકાય તેવું છે, તથાપિ અકારાદિ વર્ણના સમુદાયવડે સમસ્ત વર્ણાત્મક બનેલું હોવાથી સદરહુ સમસ્તાત્મક ઓંકાર પદ રુપે આપનેજ સ્તવે છે, અર્થાત્ કહે છે.૨૭

भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहं
स्तथा भीमेशानाविति यदभिधानाष्टकमिदं ।
अमुष्मिन्प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि
प्रियायास्मै धाम्ने प्रविहित नमस्योस्मि भवते ॥ २८ ॥

અર્થ—હે શરણાગત પાલક ? ભવ, શર્વ, રૂદ્ર, પશુપતિ, ઉગ્ર, સહમહાન્ (મહાદેવજી) ભીમ, અને ઇશાન એ પ્રમાણે આપનું નામાષ્ટક છે. કે જે પ્રત્યેક નામ શ્રવણ માટે બ્રહ્માદી, દેવોની પણ શ્રવણેંદ્રીય શ્રવણોત્સુક રહે છે. તો પછી બીજાની શ્રવેણન્દ્રીય સમુત્સુક રહે તેમાં કઈ આશ્ચર્ય નથી, હે પ્રભો ? આપકે જે સર્વના શરણભૂત તેમજ પ્રિય છો તેને જેવો કરવો જોઇએ તેવો ઉપચાર કરવાને હું અશક્ત હોવાથી માત્ર નમસ્કાર કરનારો જ થાઊં છું અર્થાત્ માત્ર નમસ્કાર કરીને જ સંતોષ માનું છું.

नमो नेदिष्ठाय प्रियदवदविष्ठाय च नमो
नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठायच नमः ।

नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमो
नमः सर्वस्मै ते तदिदमिति सर्वाय च नमः ॥ २९ ॥

અર્થ—હે નિર્જન વન વિહાર પ્રેમી પ્રભો ! આપકે જે અત્યંત સમીપ, તેમજ અત્યંત દૂર રહેનારા છો તેઓને નમસ્કાર છે. તેમજ હે સ્મરહર પ્રભો! આપકે જે અત્યંત ક્ષુદ્ર રૂપે તેમજ મહદ્રુપે છો તેમને પણ નમસ્કાર છે. તેમજ હે ત્રિનયન ! આપકે જે અત્યંત વૃદ્ધરૂપે તેમજ અત્યંત યુવક રૂપ છો તેમને પણ મારા નમસ્કાર છે. ટુંકામાં એટલુંજ કે આપ સર્વ રૂપે છો અને તેથી સર્વ રૂપ એવા આપને મારા નમસ્કાર છે. ૨૯

बहलरजसे विश्वोत्पत्तौ भवाय नमोनमः
प्रबलतमसे तत्संहारे हराय नमोनमः ।
जन सुखकृते सत्वोद्रिक्तौ मृडाय नमोनमः
प्रमहासि पदे निस्त्रैगुण्ये शिवाय नमोनमः ॥ ३० ॥

અર્થ—વિશ્વની ઉત્પત્તિ માટે રજો ગુણાધિક ભવરૂપે રહેલા બ્રહ્મ, મૂર્તિને નમસ્કાર છે. તેમજ વિશ્વના સંહારથી તમોગુણાધિક હર રૂપે રહેલા રૂદ્ર મૂર્તિને નમસ્કાર છે. જનસુખાર્થે સત્વગુણાધિક મૃડ રૂપે રહેલા વિષ્ણુ મૂર્તિને નમસ્કાર છે. તેમજ જ્યોતીર્મય પદે ત્રિગુણ રહિત રહેલા સદાશિવને નમસ્કાર છે. ૩૦

कृशपरिणति चेतः क्लेशवश्यं क्वचेदं
क्व च तव गुणसीमोल्लंघिनी शश्वदृद्धिः ।

इति चकितममंदीकृत्य मां भक्तिराधा
द्दरद चरणयोस्ते वाक्यपुष्पोपहारं ॥ ३१ ॥

અર્થ—હે સર્વ મનોરથ સાધક પ્રભો ! ક્લેશને આધીન અને પરિણામી અર્થાત્ ક્ષણિક એવું મારૂં મન ક્યાં ! અને ગુણોની સીમાને ઓળંગી ગયેલી આપની અનંત વિભૂતિ ક્યાં ? એમ ધારી હું તો કેવળ ભય ચકિતજ બની ગયો હતો, તથાપિ આપની ભક્તિ કે જેણે સુદરહ ભયમાંથી મુક્ત કરી, અર્થાત્ સ્તુતિના વેગને મંદ પડવા નહી દેતાં, આપના ચરણમાં વાક્ય પુષ્પાંજલી રૂપી ઉપહાર ધારણ કરાવ્યો. ૩૧

असितगिरिसमं स्यात्कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ।
लिखति यदि ग्रहीत्वा शारदा सार्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥ ३२ ॥

અર્થ—નીલગિરી પર્વત જેટલા કાજળની સાહી બનાવી હોય, મહાસાગર રૂપી ખડીયો હોય, દેવતાઇ ઝાડની ડાળીઓની કલમ બનાવી હોય, પૃથ્વીના વડરૂપી કાગળ હોય અને સર્વથી સરસમાં સરસ લખવાવાળી સરસ્વતી સદાકાળ લખ્યા કરે, તોપણ હે ઈશ્વર ! તારા ગુણનો પાર આવે નહી. ૩૧

असुरसुरमुनीन्द्रैरर्चितस्येन्दुमौले-
र्ग्रथितगुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ।

सकलगुणवरिष्ठः पुष्पदंताभिधानो
रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥ ३३ ॥

અર્થ--સમસ્ત મંડલમાં શ્રેષ્ઠ પુષ્પદંત નામના ગંધર્વ રાજે, જેની દેવદાનવો અને મુનીંદ્રો પૂજા કરે છે, તેમજ પોતે નિર્ગુણ હોવા છતાં જેના ગુણનો મહિમા રચવામાં આવે છે, એવા, અને જેના લલાટ દેશમાં ચંદ્રમા રહેલા છે એવા શ્રી સદાશીવનું લાંબા વૃત્તોથી મનહર સ્તોત્ર બનાવ્યું છે.૩૩

अहरहरनवद्यं धूर्जटेः स्तोत्रमेतत्
पठति परमभक्त्या शुद्धचित्तः पुमान् यः ।
स भवति शिवलोके रुद्रतुल्यस्तथात्र
प्रचुरतरधनायुः पुत्रवान् कीर्तिमांश्च ॥ ३४ ॥

અર્થ--હરહમેશ જે માણસ અંતઃકરણ શુદ્ધ રાખી ભક્તિ પૂર્વક ધૂર્જટી મહાદેવના સ્તોત્રનો પાઠ કરશે તો તે આ જગમાં અત્યંત ધન કીર્તી આયુષ્ય અને સંતત્યાદિ સુખો ભોગવી છેવટ પણ રૂદ્ર રૂપે થઇને શીવના લોકમાં માણશે. ૩૪

महेशान्नापरो देवो महिम्नो नापरास्तुतिः ॥
अघोरान्ना परो मंत्रो नास्ति तत्वं गुरोः परं ॥ ३५ ॥

અર્થ--શંકર સમાન બીજો દેવ નથી, મહિમ્ન સમાન બીજું સ્તોત્ર નથી, અઘોર સમાન બીજો મંત્ર નથી, અને ગુરૂ સમાન બીજું તત્વ નથી. ૩૫

दीक्षादानं तपस्तीर्थं ज्ञानं यागादिकाः क्रियाः
महिम्नस्तवपाठस्य कलां नार्हन्ति षोडशीम् ॥ ३६ ॥

અર્થ—દીક્ષા, દાન, તપ, તીર્થ, જ્ઞાન, અને યજ્ઞાદિ ક્રિયાઓ એ સર્વ આપના મહિમા વાળા પાઠની સોળમી કળાને પણ પોહોંચતાં નથી. ૩૬

कुसुमदशननामा सर्वगंधर्वराजः
शिशुशशिधरमौलेर्देवदेवस्य दासः ।
स खलु निजमहिम्नो भ्रष्ट एवास्य रोषात्
स्तवन मिदमकार्षीद्दिव्यादिव्यं महिम्नः ॥ ३७ ॥

અર્થ—શશીધર મૌલીનો પુત્ર અને સર્વ ગંધર્વનો રાજા પુષ્પદંત કે જે દેવના દેવ સદાશિવનો દાસ હતો, તેણે શંકરના રોષથી પોતાની શક્તિ કુંઠિત થઇ છે એમ જાણી તેમને પ્રસન્ન કરવાને ખાતર અત્યંત દિવ્યમાં દિવ્ય મહિમ્ન સ્તોત્ર બનાવ્યું. ૩૭

सुरवरमुनिपूज्यं स्वर्गमोक्षैकहेतुं
पठति यदि मनुष्यः प्राञ्जलिर्नान्यचेताः
व्रजति शिवसमीपं किंनरैस्तूयमानः ।
स्तवनमिदममोघं पुष्पदन्तप्रणीतं ॥ ३८ ॥

અર્થ—આ પુષ્પદંત વિરચિત, સ્તોત્ર, કે જે સ્વર્ગ, અને મોક્ષ આપનારૂં છે, તેમજ દેવ અને મુનીઓ એ પૂજવા લાયક છે, વળી અમોઘ ફળ પ્રદ છે. એવાં ઉત્તમ સ્તોત્રને એક ચિત્તે હાથ જોડી જો કોઇ પણ સ્તવે

તો જેની કિન્નરો સ્તુતિ કરે છે, એવો તે માણસ શિવના સાંનિધ્યમાં જાય. ૩૮

आसमाप्तमिदं स्तोत्रं पुण्यं गंधर्वभाषितं
अनौपम्यं मनोहारि शिवमीश्वरवर्णनम् ॥ ३९ ॥

અર્થ—જે સ્તોત્રની અંદર કલ્યાણકારક ઈશ્વરનું વર્ણન કરવામાં આવ્યું છે, અને જે ગંધર્વ ભાષિત છે, જે મનોહર છે, તેમજ જેને કોઈપણ ઉપમા આપી શકાય તેમ નથી, તેવું આ સ્તોત્ર સમાપ્ત થયું છે. ૩૯

इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छंकरपादयोः
अर्पिता तेन देवेशः प्रीयतां मे सदाशिवः ॥ ४० ॥

અર્થ—શ્રીમાન્ શંકરના ચરણમાં આ વાણીમય પૂજા અર્પણ કરી છે. તેણે કરી સદાશિવ મને પ્રસન્ન થજો. ૪૦

तव तत्वं नजानामि कीद्रशोसि महेश्वर ।
याद्रशोसि महादेव ताद्रशाय नमोनमः ॥ ४१ ॥

અર્થ—હે મહેશ્વર ! આપ કેવા છો ? એટલે કે આપની શકિત કેવા પ્રકારની છે. ઈત્યાદિ આપનું તત્ત્વ હું જાણી શકતો નથી એટલા માટે હે પ્રભો ! આપ જેવા હો તેવાને મારા નમસ્કાર છે. ૪૧

एककालं द्विकालं वा त्रिकालं यः पठेन्नरः
सर्वपापविनिर्मुक्तः शिवलोके महीयते ॥ ४२ ॥

અર્થ- -જે માણસ આ સ્તોત્રનો પાઠ દિવસમાં એકવાર બેવાર અથવા ત્રણ વાર કરશે તે સર્વ પાપ નિર્મુકત થઇને શિવલોકમાં માન મેળવશે.

श्रीपुष्पदंतमुखपंकजनिर्गतेन
स्तोत्रेण किल्बिषहरेण हरप्रियेण ।
कंठस्थितेन पठितेन समाहितेन
सुप्रीणितो भवति भूतपतिर्महेशः ॥ ४३ ॥

इति श्री पुष्पदंतविरचितं शिवमहिम्नः स्तोत्रं संपूर्णं.

અર્થ—શંકરને પ્રિય અને પાપને હરનારા શ્રીમાન્ પુષ્પદંતના મુખ કમળમાંથી નીકળેલા અને મોહોડે કરેલાં સ્તોત્રનો એકાગ્રમને પાઠ કરવાથી ભૂતપતિ સદાશિવ સંપૂર્ણ પ્રસન્ન થાય છે.

એ પ્રમાણે શ્રી પુષ્પદંત વિરચિત, મહિમ્ન સ્તોત્રનું શ્રી મધુસૂદન
સરસ્વતી વિરચિત વ્યાખ્યાનુસાર, આયુર્વેદિક ડાક્ટર
કેશવલાલ ઓણારામ ભિષગ્વરકૃત ગુજરાતી
ભાષાન્તર સંપૂર્ણ થયું.

समाप्त.

"ગુજરાતી" પ્રેસમાં વેચાતાં પુસ્તકો.

કોટ-સાસુન બિલ્ડિંગ્સ-મુંબઈ.

વેદાન્ત

નામ.	રૂ.આ.પા.
૧ **પંચદશી**-વેદાન્ત જ્ઞાનનો આ ગ્રંથ પૂજ્યપાદ ભગવાન્ શ્રીમત્ શંકરાચાર્યની ગાદીપર વિરાજનાર વિદ્યારણ્ય સ્વામીનો રચેલો છે. એનાપર વિસ્તાર સહિત **ચન્દ્રકાન્ત** નામનું વિવરણ આપવામાં આવેલું છે, જે એવી તો સરળતાથી આપવામાં આવ્યું છે કે, સાધારણમાં સાધારણ વેદાન્તનો જિજ્ઞાસુ પણ વેદાન્ત જેવા ગહનમાં ગહન વિષયની અંદર અતિ સરળતાથી પ્રવેશ કરી શકે. પ્રથમ ઉત્થાનિકા આપવામાં આવેલી છે, પછી મૂળ શ્લોક, પછી શબ્દાર્થ અને તેની નીચે વિસ્તારવાળું વિવરણ આપવામાં આવ્યું છે. જિજ્ઞાસુને સમજવાને સરળ પડે તેટલા માટે સ્થળે સ્થળે દૃષ્ટાંતોથી સિદ્ધાંતો સિદ્ધ કરેલા છે. આ પ્રકારની કોઈ પણ જાતની ટીકા ગુજરાતી ભાષાના કોઈ પણ ગ્રંથમાં થઈ નથી. સુપર રોયલ ઑક્ટેવો પૃષ્ઠ ૮૦૦; પાકાં પૂઠાં અને ઉત્તમ કાગળપર છાપેલું છે.	૬-૦-૦
૨ **ચન્દ્રકાન્ત**-પ્રથમ ભાગ (પાંચમી આવૃત્તિ) ...	૨-૮-૦
૩ **ચન્દ્રકાન્ત**-બીજો ભાગ (ત્રીજી આવૃત્તિ)	૨-૮-૦

વેદાન્ત.	નામ.	રૂ.આ.પા.
	ઉક્ત બંને ગ્રંથોમાં ઘણી સરસ રીતે પરલોકના શ્રેય સાધનનો માર્ગ બતાવ્યો છે. એની લોકપ્રિયતા એનો ફેલાવોજ બતાવે છે. જ્ઞાનથી ભક્તિ શ્રેષ્ઠ કે ભક્તિથી જ્ઞાન, એનું સુંદર દર્શન આ ગ્રંથોમાં છે. ભાષા સરળ–વિષયનું સ્ફોટન યથાર્થ ને સુંદર, વેદાન્ત જ્ઞાનનો આ ખરેખરો મુખ્ય ગ્રન્થ છે.	
	૪ **શ્રી અધ્યાત્મ રામાયણ**–(સચિત્ર–બીજી આવૃત્તિ). બહુ સરસ શ્રીરામચંદ્રજીનું ચરિત્ર છે. એ એક રામાયણ સમજવાની કુંચી છે. પુઠું પાકું છે.	૧–૮–૦
	૫ **શ્રી પંચરત્ન ગીતા**–(રેશમી પુઠાં–ચોથી આવૃત્તિ	૧–૦–૦
	૬ **શ્રીમદ્ભગવદ્ગીતા**-(શ્રીધરીને આધારે) સરળ ભાષાંતર. રેશમી પુઠાં (પાંચમી આવૃત્તિ)	૦–૮–૦
	૭ **શ્રીમદ્ભગવદ્ગીતા**–મૂળ શ્લોક, ગુજરાતી ટીકા, હિંદી ને ગુજરાતી કવિતા.	૦–૮–૦
	૮ **શ્રીમદ્ભગવદ્ગીતા** મૂળ શ્લોક અને શ્રીધરી ટીકાને આધારે કરેલું ભાષાંતર નિત્ય નિયમથી વાંચનારાઓને માટે આ ગ્રંથ બાળબોધ લીપિમાં મૂળ અને ભાષાંતર સહિત પોથીના આકારમાં મોટા અક્ષરથી છાપેલો છે. કથા કરનાર તથા પાઠ કરનારને અતિ ઉપયોગી છે. રેશમી પૂઠાં, શણનો દોરો અને દૂધની લાહીથી બાંધવામાં આવેલું હોવાથી પૂજામાં રાખવાને બાધકારક નથી.	૧–૦–૦
ભર્તૃહરિ શતકત્રય સંગ્રહ–પુષ્કળ સુધારા વધારા સાથે આ બીજી આવૃત્તિ કાઢવામાં આવી છે. કોલેજના		

વેદાન્ત.	નામ.	રૂ.આપા.
	વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે તેટલા માટે કૈલાસ-વાસી રા. રા. તીલાંગની આવૃત્તિ પ્રમાણે શ્લોકોની ગોઠવણ રાખવામાં આવી છે.	૦-૧૪-૦
૧૦	**યુક્તિ પ્રકાશ**–વિચારસાગરના કર્ત્તા સાધુ શ્રીનિશ્ચલ-દાસજીકૃત. આ ગ્રંથ હિંદુસ્તાની ભાષામાં છે. એમાં વેદાન્તના ૩૯ સિદ્ધાંતો બહુ સરસ યુક્તિઓથી સિદ્ધ કરવામાં આવ્યા છે. નિશ્ચલદાસની વાણીથી સર્વ જિજ્ઞાસુઓ જ્ઞાતા હોવાથી વિશેષ જણાવવાની કંઈ જરૂર નથી, પરંતુ જિજ્ઞાસુઓને આ ગ્રંથ બહુ ઉપ-યોગી છે. પૂઠાં પાકાં અને ઉંચા કાગળ.	૧-૦-૦

ધર્મ

૧૧ **શ્રીમદ્ભાગવત**–ગંગા જમની પાનીઆના આકા-રમાં, સંસ્કૃત સમજનાર વ્યાસો અને કથા કરનારા બ્રાહ્મણોને બહુ ઉપયોગી થઈ પડે, તેટલા માટે આ ગ્રંથ ઘણા ઉંચા કાગળપર, મૂળ શ્લોક, ભાષાંતર અને શ્રીધરી, બાળ પ્રબોધિની તથા સુબોધિની ટીકા અનુ-સાર ભાષાંતર સાથે પ્રકટ કરવામાં આવ્યું છે. ગ્રંથની સુશોભિત રચના અને સુંદર છપાઈને માટે એટલું જ જણાવવાની જરૂર છે કે, આ જાતનો કોઈ પણ બીજો ગ્રંથ લેતાં પહેલાં, 'ગુજરાતી' પ્રેસનું ભાગવત જોવાની ખાસ સૂચના કરવામાં આવે છે. પ્રારંભમાં, શ્રીનાથ-જીની અદ્ભુત સુંદર શૃંગાર સ્વરૂપની છબી આપવામાં આવી છે અને તે ઉપરાંત બીજા સોળ ચિત્રો આપ-

ધર્મ	નામ.	રૂ.આ પા.
	વામાં આવ્યાં છે. ગ્રંથનું પૂર એટલું મોટું થયું છે કે, ફુલસ્કેપ સાઈઝનાં ૨૧૦૦ પૃષ્ઠનો આ ગ્રંથ છે. રેલ્વેથી મંગાવનારાઓને નૂર ઓછું પડશે.	૧૦—૦—૦
૧૨	**શ્રીમદ્ભાગવત**—કવિતામાં મહાકવિ પ્રેમાનંદ, કવિ વલ્લભ અને કવિ સુંદર, એ ત્રણ કવિની પ્રાસાદિક વાણીનું આ ભાગવત છે. ધાર્મિક લોકને અને સ્ત્રીવર્ગને બહુ ઉપયોગી થઈ પડે, તેટલા માટે એની કિંમત અર્ધો-અર્ધ ઘટાડી દીધી છે અને પહેલી આવૃત્તિમાં જે ચિત્રો નહોતાં તે ચિત્રો આ બીજી આવૃત્તિમાં દાખલ કરવામાં આવ્યાં છે. મુખપૃષ્ઠ ઉપર શ્રીમોરલીધરની અને શ્રીનાથજીના શૃંગાર સ્વરૂપની રંગીન છબીઓ છે, તે ઉપરાંત બીજા સત્તર ચિત્રો આપવામાં આવ્યાં છે. પ્રેમાનંદની વાણીની પ્રશંસા કરવાની કંઇ અગત્ય નથી, કારણ કે આ ભાગવત ચાતુર્માસમાં ગામોગામ અને શહેરેશહેર અનેક કથાભટો વાંચે છે, તે વખત લોકોનો એ કથા સાંભળવાનો જે ઉત્સાહ છે, તે જ તેની ઉત્તમતા બતાવી આપે છે.	૫—૦—૦

મહિમ્નસ્તોત્ર સમાપ્ત.